




મતદાન કેવી રીતે કરવું તે માટે લોકોને એવીએમ મશીનનું અધિકારીએ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું.

## કોંગી રાજ્યો કરતાં ગુજરાતમાં શિક્ષણ સસ્તુ છે

# સોમનાથથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરતા મુખ્યમંત્રી મોદી

### કાર્યકરોથી મોંઢુ છુપાવીને ફરતા કોંગ્રેસના નેતાઓ પ્રજા પાસે કેવી રીતે જઇ શકશે : નરેન્દ્ર મોદીના તીખા પ્રહારો


અમદાવાદ, તા. ૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટેના ત્રીજા ચરણના ચૂંટણી પ્રચાર અભિયાનનો સોમનાથ તીર્થથી પ્રારંભ કરતા કોંગ્રેસ ઉપર બેઇમાની અને છેતરપિંડી કરવાના આકરા પ્રહારો કર્યા હતા. અને જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં એવો કોઇ નેતા નથી જેના હાથમાં ગુજરાત સોંપી શકાય.


બીજી બાજુ મહારાષ્ટ્ર, ગુજરાત કરતાં મોટું રાજ્ય હોવા છતાં ત્યાં માત્ર સાત સરકારી ઇજનેરી કોલેજો છે. જ્યારે, રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં સરકાર હસ્તકની દશ-દશ જ ઇજનેરી કોલેજો છે. આ ઉપરાંત રાજસ્થાનમાં ઇજનેરી કોલેજની ફી ૪૩૦૦૦ રૂા. મહારાષ્ટ્રમાં રૂા. ૨૫૦૦૦ અને હરિયાણામાં રૂા. ૪૦,૦૦૦ની મોંઘી ફી લેવાય છે. ગુજરાતમાં ૧૯ સરકારી કોલેજો છે અને તેમાં ફી છે માત્ર ને માત્ર રૂા. ૧૫૦૦૦ મોટાભાગની ખાનગી ઇજનેરી કોલેજો કોંગ્રેસના લોકોના હાથમાં છે. શિક્ષણનું વ્યાપારીકરણ કરવાનું પાપ તો કોંગ્રેસનું છે એ સમજી લેવા તેમણે જનતાને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ કોંગ્રેસની ચૂંટણીની જાહેરાતોમાં ગુજરાત ભૂંડું દેખાય અને ગુજરાતનું નીચાજોણું થાય એવા જુઠ્ઠાણા અને ફોટાઓ મૂકવા માટે પણ કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે જનતા સાથેની સામૂહિક ઘોષણા કરાવતા નહીં દેંગે નહીં દેંગે બેઇમાન ઔર ભ્રષ્ટાચારી કોંગ્રેસ કો ગુજરાત કભી નહીં દેંગે નો નારો ગજાવ્યો હતો. ગુજરાતના વિકાસ માટે ભાજપા સરકારના અગિયાર વર્ષના શાસનની કામગીરી અને સાગરખેડૂ સમાજોની સુખાકારી માટેના વિકાસ પેકેજની ભૂમિકા આપી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે જે કોંગ્રેસના નેતાઓ કાર્યકર્તાથી મોઢું છૂપાવી રહ્યા છે તે જનતા પાસે કઇ રીતે જઇ શકવાના છે એવો માર્મિક કટાક્ષ કર્યો હતો. ભવ્ય ગુજરાતના નિર્માણમાં સાથ આપવા જનતા ભાજપાનો જય જય કાર કરવા એકમત છે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

# અડવાણી, ગડકરી, જેટલીની આજે જાહેરસભાઓ યોજાશે








### ડૉ. મુરલી મનોહર જોશી, ગોપીનાથ મુંડે તથા વૈંકેયા નાયડુ પણ રાજ્યમાં જુદાજુદા સ્થળોએ જાહેરસભા સંબોધશે

અમદાવાદ, તા. ૧

ગુજરાત રાજ્યમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીના પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ ૧ ડિસેમ્બરના રોજ ૬૦થી વધુ સ્થાનો પર મોડી સાંજ સુધીમાં જાહેરસભાઓને સંબોધન કરનાર છે. ૨ ડિસેમ્બરના રોજ ગુજરાત ચૂંટણીના પ્રચારાર્થે દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી અને રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલી સહિત અગ્રણીઓ પધારશે અને ગુજરાતના ખૂણે ખૂણે જાહેરસભાઓને સંબોધશે. ભાજપાના રાષ્ટ્રીય નેતાઓના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડિયા ઇન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે લાલકૃષ્ણ અડવાણી ૨ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે ૬.૦૦ કલાકે કલોલ ખાતે ૮.૦૦ કલાકે સભા સંબોધશે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીજી ઉત્તર ગુજરાતના ઉંઝા ખાતે સાંજે ૫.૦૦ કલાકે અને મહેસાણા ખાતે સાંજે ૭.૦૦ કલાકે જનતા જનાર્દનને સંબોધી ભાજપની સરકારને પુનઃ પ્રસ્થાપિત કરવા આહવાન કરશે. અરૂણ જેટલી ખેડા જિલ્લાના નડિયાદમાં સાંજે ૬.૦૦ કલાકે અને આણંદ જિલ્લાના કરમસદમાં સાંજે ૭.૦૦ કલાકે સભા સંબોધશે. ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. મુરલી મનોહર જોશી વડોદરા જિલ્લાના સાવલીમાં બપોરે ૪.૦૦ કલાકે અને વડોદરા શહેરના માંજલપુરના સાંજે ૬.૦૦ કલાકે સભાને સંબોધશે.

મહારાષ્ટ્રના પૂર્વ નાયબ વડાપ્રધાન ગોપીનાથ મુંડે વડોદરા શહેરમાં શહેરવાડી ખાતે ૬.૩૦ કલાકે અને રાવપુરામાં રાત્રે ૮.૦૦ કલાકે સભા સંબોધશે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ વૈંકેયા નાયડુ પંચમહાલ જિલ્લાના હાલોલમાં બપોરે ૨.૦૦ કલાકે અને ગોધરામાં બપોરે ૪.૦૦ કલાકે સભા સંબોધશે. હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પ્રેમકુમાર ધુમ્મલ અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગરમાં સાંજે ૬.૦૦ કલાકે અને નરોડામાં સાંજે ૭.૦૦ કલાકે સભા સંબોધશે. ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી વિજય ગોયલ વડોદરા જિલ્લાના કરજણમાં અને ૫.૦૦ કલાકે પાદરામાં, ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી કિરણ મહેશ્વરી અમદાવાદ શહેરમાં વેજલપુર ખાતે ૬.૦૦ કલાકે અને મણિનગરમાં રાત્રે ૭.૦૦ કલાકે સભા સંબોધશે.

આ ઉપરાંત ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ભાજપાના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ સ્મૃતિ ઇરાની, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા, ભાજપાના ગુજરાતના પ્રભારી બલવીર પુંજ, આદિવાસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ફગ્ગનસિંહ કુલસ્તે, ભાજપાના રાષ્ટ્રીય પ્રવક્તા રામનાથ કોવિંદ, પ્રકાશ જાવડેકર, રાજીવ પ્રતાપ રૂડી વગેરે નેતાઓ વિવિધ સ્થળોએ સભાઓ સંબોધશે.

## મહેસાણા જિલ્લાની સાત બેઠકો પર કુલ ૧૦૭ ઉમેદવારી ફોર્મ ભરાયા

મહેસાણા, તા. ૧

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની કુલ સાત બેઠકો પર ઉમેદવારી પત્રકો ભરવાના અંતિમ દિવસ સુધી ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટી, બસપા, સપા અને અપક્ષ ઉમેદવારો મળી કુલ ૧૦૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જેમાં સૌથી વધુ ઉમેદવારી પત્રકો મહેસાણા બેઠક પર ભરાયા હતા. જયારે સૌથી ઓછા વિજાપુર અને ખેરાલુ બેઠકો પર ભરાયા હતા.

વિધાનસભા બેઠક દીઠ જોઈએ તો મહેસાણા બેઠક પર ૨૬ ઉમેદવારી પત્રકો, ઊંઝા બેઠક પર ૧૬, વિસનગર બેઠક પર ૧૫, બેચરાજી બેઠક પર ૧, કડી (અ.જા.) બેઠક પર ૧૧, વિજાપુર બેઠક પર ૧૧ અને ખેરાલુ બેઠક પર ૧૧ મળી કુલ ૧૦૭ ફોર્મ ભરાયા હતા.

દરમિયાન આજે ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે અને ત્યારબાદ ઉમેદવારીપત્રક પરત ખેંચવાની અંતિમ તારીખે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ બનશે. આ વખતની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષોમાં જિલ્લાની અંદર આંતરિક વિરોધ વંટોળ ઉભો થયો છે ત્યારે ચૂંટણીમાં અણધાર્યા પરિણામ આવે તેમ મનાય છે.

## પ્રાંતિજ ખાતે ભાજપની જાહેરસભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના ૩૩-પ્રાંતિજ-તલોદ વિધાનસભા મત વિસ્તારમાં પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જયસિંહ ચૌહાણની ચૂંટણી પ્રચાર માટે હિમાચલ પ્રદેશના પ્રેમકુમાર ધુમલે પ્રાંતિજ ખાતે આવીને ચૂંટણી સભાને સંબોધન કરી હતી.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે સાંજના ૬.૩૦ કલાકે ખુલ્લા મેદાનમાં વિધાનસભાની ચૂંટણી સભાનું આયોજન ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમલ, સાબરકાંઠા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, મહિલા મહામંત્રી દિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ઉષાબેન તથા પ્રાંતિજ-તલોદ વિધાનસભાના ભાજપના ઉમેદવાર જયસિંહ ચૌહાણ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ જણાવ્યું કે મારા પ્રચાર માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ આવ્યા હતા પણ પરંતુ અહી આવીનો મે જોયું તો ગુજરાતના તથા જિલ્લાઓમાં વિકાસના કામો બોલે છે જેથી મારે નરેન્દ્ર મોદીનો પ્રચાર માટે બોલાવાય પછી નરેન્દ્રભાઈ મોદીને તો પ્રચારની જરૂર જ નથી અને નરેન્દ્રભાઈના કામોજ બોલે છે. અને તમને બધાને ૨૨મીએ જીતની ખુશીનું સેલીબ્રેશન કરવા માટે હું આપ સૌ મતદાન કરીનો હિમાચલમાં આવકારુ છુ. કમળનું બટન દબાવો અને જયસિંહ ચૌહાણનો જીતાડો જેથી નરેન્દ્રભાઈને આપણે દિલ્હીની ગાદી ઉપર જોવા છે જ્યારે જયસિંહ ચૌહાણે પણ જાહેરસભામાં લોકો સમક્ષ જો ભુલ મારાથી થઈ હોય તો માફ કરજો અને વિકાસના કામો માટે કમળને મત આપજો. આ પ્રસંગે પ્રાંતિજ તથા તલોદ આજુબાજુથી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી અને ભાજપ કાર્યકરો નિત્યાનંદભાઈ, અરવિંદભાઈ પરમાર, રાજુભાઈ, રતિભાઈ ટેકવાણી વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત જોવા મળ્યા હતા.

## મોદી આજે રાજ્યમાં છ સ્થળે સભાઓ સંબોધશે

### રાજપીપળા, જંબુસર, ધંધુકા, ગોંડલ, વલ્લભીપુર અને ભાવનગરમાં જાહેરસભા

અમદાવાદ, તા. ૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૨ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં છ સ્થાનો પર જાહેરસભાઓને સંબોધન કરશે. ભાજપાના મીડીયા ઇન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે નરેન્દ્ર મોદીના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે ૨ ડિસેમ્બરના રોજ રાજપીપળાના કોટન જીન મેદાન ખાતે સવારે ૯.૩૦ કલાકે પ્રથમ જાહેરસભા સંબોધી ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. ૨ ડિસેમ્બરના રોજ સવારે ૧૦.૪૫ કલાકે જંબુસર ખાતે, ૧૨.૧૫ કલાકે અવડા ચોક ધંધુકા ખાતે, ૧.૪૫ કલાકે દેસાઇ જીવણ પાર્ટીપ્લોટ, જેતપુર રોડ ગોંડલ ખાતે, ઢોલા આઇસ ફેક્ટરી નજીક વલ્લભીપુર ખાતે ૩.૧૫ કલાકે સભાને સંબોધશે. પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા અંતમાં ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાંજે ૭.૦૦ કલાકે એ.વી. સ્કૂલ મેદાન, ભાવનગર ખાતે અંતિમ સભા સંબોધી રાત્રે અમદાવાદ પરત આવશે.

# નરેન્દ્ર મોદીનો માસિક પગાર રૂપિયા ૧૨,૫૫૩ છે

### સરકારના પટાવાળા કરતાય નરેન્દ્ર મોદીનો પગાર ઓછો
### છ મંત્રીઓનો પગાર ૬૬,૦૦૦ હોવાથી તેની સરખામણીમાં મુખ્યમંત્રી મોદીનો પગાર પાંચમાં ભાગ જેટલો થાય છે

અમદાવાદ, તા. ૧

તેમને જાણીને આશ્ચર્ય થશે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો પગાર સરકારમાં ફરજ બજાવતા ક્લાર્ક કે સિનિયર પટાવાળા કરતા પણ ઓછો છે. મણિનગર બેઠક પરથી ઉમેદવારી કરનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રજૂ કરેલી પોતાની એફિડેવિટમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન તેમની વાર્ષિક આવક રૂપિયા ૧,૫૦,૬૩૦ છે. એટલે કે તેમનો માસિક પગાર રૂપિયા ૧૨,૫૫૩ જેટલો થાય છે. રાજ્ય સરકારના મંત્રીઓનો પગાર રૂપિયા ૬૬,૦૦૦ જેટલો હોવાથી તેની સરખામણીમાં મોદીનો પગાર પાંચમાં ભાગ જેટલો થાય છે. જ્યારે રાજ્યના ધારાસભ્યનો પગાર માસિક રૂપિયા ૫૬,૦૦૦ ઉપરાંત અન્ય સુવિધાનો પણ સમાવેશ થાય છે. પ્રધાનોને બંગલો, નોકરો, મોંઘવારી ભથ્થુ અને પ્રવાસ ભથ્થુ પણ મળે છે.

રસપ્રદ બાબત એ છે કે વર્ષ ૨૦૦૭ની ચૂંટણી વખતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની વાર્ષિક આવકનો એફિડેવિટમાં ઉલ્લેખ કર્યો ન હતો. પોતાની એફિડેવિટમાં મોદીએ જણાવ્યું છે કે ગાંધીનગરમાં તેમની પાસે એક ૩૩૦ ચોરસ મીટર પ્લોટ ઉપર એક નાનકડું મકાન બાંધેલું છે જે તેમને વર્ષ ૨૦૦૨માં રાજ્ય સરકારે ખૂબ જ ઓછા ભાવે આપ્યું હતું. જો કે આ મિલકતની કિંમત ૨૦૦૭માં રૂપિયા ૩૦ લાખ હતી જે હવે વધીને રૂપિયા એક કરોડ સુધી પહોંચી ગઈ છે. મિલકતની કિંમત ભલે વધી હોય પરંતુ મોદી પાસે રહેલી રોકડ રકમ ઘટી છે. ૨૦૦૭માં રોકડ રકમ રૂપિયા ૧૧,૨૦૦ હતી જે ૨૦૧૨માં ઘટીને ૪૭૦૦ થઈ છે. તેમની પાસે ૪૫ ગ્રામ વજનની સોનાની ચાર વિટીંઓ છે જેની કિંમત રૂપિયા ૧,૨૩,૭૭૭ થાય છે. ૨૦૦૭માં તેમની પાસે ત્રણ વિટીઓ હતી જેની કિંમત રૂપિયા ૫૦ હજાર થતી હતી.

૨૦૦૭માં મોદીનું બેંક બેલેન્સ રૂપિયા ૮,૫૫,૬૫૧ હતું જે ૨૦૧૨માં વધીને રૂપિયા ૨૭,૨૪,૪૦૯ થયું છે. આ ઉપરાંત તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડમાં રૂપિયા ૨૦ હજારનું રોકાણ કર્યું છે. જો કે ૨૦૦૭માં તેમણે એનએસસીમાં રૂપિયા ૩,૩૯,૫૭૫નું રોકાણ દર્શાવ્યું હતું.

## ૩૫-ગાંધીનગર દક્ષિણ બેઠકના નિરીક્ષક તરીકે વિજયસિંઘની નિમણૂક કરાઈ

ચૂંટણી અંતર્ગત વિવિધ તબક્કાએ ચૂંટણીલક્ષી કામગીરી કરવાની થાય છે. કામગીરી સુચારે રૂપે પરીપૂર્ણ થાય તે સારું ચૂંટણી પંચ તરફથી ચૂંટણીના સ્ટાફને માર્ગદર્શન પુરું પાડવા તેમજ મતદારોની ફરિયાદોના નિકાલ ત્વરીત કરી શકાય તેવા આશયથી ૩૫-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી નિરીક્ષક તરીકે આઇ.એ.એસ શ્રી વિજયસિંઘની નિમંણુક કરવામાં આવી છે. જેમનો નંબર- ૦૭૯- ૨૩૨ ૪૩૧૯૯ અને મોબાઈલ નંબર- ૮૪૬૯૭૯૯૩૯૯ છે. શ્રી વિજયસિંઘ ૩૫- ગાંધીનગર (દક્ષિણ) ચૂંટણી અધિકારીશ્રીની કચેરી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, સેકટર- ૧૭, ગાંધીનગર ખાતે કામકાજના ચાલુ દિવસો દરમ્યાન મતદારોની ફરિયાદ સાંભાળવા માટે સવારના ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન મળી શકશે.

## ૧૮-પાટણ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૧૫ ઉમેદવારોની દરખાસ્ત માન્ય રખાઈ

પાટણ, તા. ૧

પાટણ જિલ્લાની ૧૮-પાટણ, વિધાનસભા મતદાર વિભાગોની ચૂંટણી તારીખ ૧૭/૧૨/૨૦૧૨ના રોજ યોજાનાર છે.

૧૮-પાટણ વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારોએ ભરેલ દરખાસ્તો ચકાસણી કરતા કુલ-૧૫ ઉમેદવારોની દરખાસ્તો ચૂંટણી અધિકારી દ્વારા માન્ય રખાઈ છે.

(૧) ઠાકોર જોધાજી ગલાબજી, મુ. અજુજા તા.જિ. પાટણ, ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ (૨) દેસાઇ રણછોડભાઇ મહીજીભાઇ, થલતેજ, અમદાવાદ , ભારતીય જનતા પાર્ટી (૩) પરમાર મગનભાઇ અમરાભાઇ, મુ.પો. સરવા. જિ. પાટણ, બહુજન સમાજપાર્ટી

(૨) નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવારો (રાષ્ટ્રના અને રાજય કક્ષાના માન્ય રાજકીય પક્ષો સિવાય)

(૧) ઠાકોર રેવાજી -તાપજી, મુ. રામનગર. પાટણ, લોક જનશકિત પાર્ટી (૨) ઠાકોર લાલજી તેજાજી, મુ. બોરસણ. તા.જિ. પાટણ, સમાજવાદી પાર્ટી (૩) પટેલ અલ્પેશકુમાર ડાહ્યાભાઇ, મુ. રાજપુર. તા.જિ. પાટણ, વિશ્વ હિન્દુસ્તાની સંગઠન (૪) પટેલ મોહનભાઇ હીરાભાઇ મુ.તા.જિ. પાટણ.ગુજરાત પરિવર્તન પાર્ટી

(૩) અન્ય ઉમેદવારો (અપક્ષ ઉમેદવારો) :

ઠાકોર રણજીતભાઇ ચમનજી, ડોડીયા રમેશકુમાર નગીનદાસ, દેસાઇ કાનજીભાઇ મોતીભાઇ, પટેલ કેતનકુમાર જગાભાઇ, પરમાર નાનજીભાઇ કાંતિભાઇ, પરમાર રત્નાભાઇ વીરાભાઇ, -જાપતિ લીલાબેન દશરથભાઇ, મહેશ્વરી કનુભાઇ ભુરાભાઇ (મંડોવરા)

## દહેગામ બેઠક માટે ડૉ. એન. નાગામ્બિકાદેવી નિરીક્ષક નિમાયા

૩૪- દહેગામ વિધાનસભા મતદાર વિભાગના જનરલ ઓબ્ઝર્વર તરીકે આઇ.એ.એસ શ્રી ડૉ. એન. નાગામ્બિકાદેવીની નિમંણુક કરવામાં આવી છે. જેમનો નં. ૦૭૯- ૨૩૨ ૬૧૦૦૨, મોબાઈલ નંબર- ૮૧૫૩૮ ૪૫૨૧૮ છે. લાયઝન ઓફિસર તરીકે ગુડા, ગાંધીનગરના નાયબ કલેકટર શ્રી યુ.કે.વસાવા મોબાઈલ- ૯૮૨૫૨ ૦૮૮૧૬ છે. શ્રી ડૉ. એન. નાગામ્બિકાદેવીનો ચૂંટણીલક્ષી કોઇ પણ રજૂઆત અંગે ૩૪-દહેગામ મત વિભાગની કચેરી અને જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે સાંજના ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરી શકાશે.



હિંમતનગર બેઠક પર કોંગ્રેસે ભાજપના પૂર્વ મંત્રી રણજિતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને ઉમેદવાર બનાવતા આજરોજ સ્નેહ સંમેલનને હાજરી આપી હતી અને કોંગ્રેસના કાર્યકરોએ, સમર્થકો તેમજ કાર્યકરોમાં ઉત્સાહ અને જોમ મળ્યો હતો તેમને આવકાર્યા હતા.